GJBT030032662024

દાખલ તારીખ : ૧૧/૦૪/૨૦૨૫
રજીસ્ટર કર્યા તારીખ: ૧૧/૦૪/૨૦૨૫
નિકાલ કર્યા તારીખ : ૩૦/૦૪/૨૬
વર્ષ–માસ–દિવસ
૦૧ – ૦૦ – ૧૯

**–: ફોર્મ –એ :–**

**ગઢડાના મે. એડી.જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**
**જજમેન્ટ જાહેર કર્યા તા. ૩૦–૦૪–૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૭૭૬/૨૦૨૫**

**પોલીસ સ્ટેશન :–**ગઢડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૪૨૫૦૨૨૧/૨૦૨૫

**આંક–**

**ફરિયાદી:–** શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

**આરોપી:–** હરેશભાઈ હિંમતભાઈ જાપડીયા
ઉ.વ. ૩૫, ધંધો– વેપાર
રહે. તતાણા, તા. ગઢડા, જિ. બોટાદ

**વકીલશ્રી**

ફરીયાદી તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.આર. પટેલ
આરોપી તરફે : વિ.વકિલશ્રી એસ.પી.ટીલવાણી.

## –: ફોર્મ–બી:–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા. ૧૭–૦૨–૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા. ૧૭–૦૨–૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા. ૧૧–૦૪–૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા. ૨૩–૦૬–૨૦૨૫ |

| | |
|---|---|
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યાની તારીખ | તા. ૧૪–૦૮–૨૦૨૫ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા. ૧૦–૦૪–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા. ૩૦–૦૪–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યાની તારીખ જો હોય તો | – |

**–:આરોપીની વિગત:–**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ :– | ૧ |
| આરોપીનું નામ :– | હરેશભાઈ હિંમતભાઈ જાપડીયા |
| ધરપકડ કર્યા તારીખ :– | તા. ૨૨–૦૨–૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ:– | તા. ૨૨–૦૨–૨૦૨૫ |
| કયો ગુનો નોંધાયેલો :– | બી.એન.એસ.કલમ–૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ |
| છોડી મુકેલ કે સજા કરેલ :– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતો :– | – |
| ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહયાનો સમયગાળો :– | – |

## –: ફોર્મ–સી:–

**<u>ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલત દ્વારા તપાસેલા સાહેદોની યાદી</u>**

**એ**– ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનું નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | જેમેસભાઈ કાળુભાઈ ડુગરાણી | ફરિયાદી | ૦૫ |
| ૨. | રંજનબેન ગોપાલભાઈ ડુગરાણી | સાહેદ | ૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૩. | રમણીકભાઈ રામજીભાઈ કળથીયા | સાહેદ | ૦૮ |
| ૪. | રાજુભાઈ લાલજીભાઈ મોણપરા | સાહેદ | ૦૯ |
| ૫. | વી.વી.પંડયા | ત.ક. | ૧૭ |

**બી**– આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**સી**– અદાલતે  તપાસેલા સાહેદોના પુરાવાની યાદી :–

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદપક્ષ / આરોપીઓ પક્ષે / અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર</u>**

**એ**– ફરિયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | 06 | ફરિયાદ ની ખરીનકલ |
| ૨. | 10 | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૩. | 11 | ગુન્હાવાળી જગ્યા નું પંચનામુ |
| ૪. | 12 | ઈ. સાક્ષ્ય સર્ટિફિકેટ |
| ૫ | 13 | એક્સિડન્ટ માહિતી રિપોર્ટ |
| ૬ | 14 | એક્સિડન્ટ રિપોર્ટ ફોર્મ |
| ૭. | 15 | આર. સી. બુક |
| ૮. | 16 | પી. એમ. નોટ. |
| ૯. | 18 | એફ. આઈ. આર. |

| | | |
|---|---|---|
| ૧૦. | 19 | આરોપી ના વાહન ની આર. સી. બુક. |
| ૧૧. | 20 | આરોપીનુ ડ્રાઈવીંગ લઈસન્સ. |

**બી**– આરોપી પક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | – | – |

**સી**– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | – | – |

**ડી**– વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી :–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **–** | **–** | **–** |

## :: ચુકાદો ::

1. ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ ગઈ તા. ૧૭/૨/૨૦૨૫ ના કલાક.૧૦/૩૦ વાગ્યે ફરીયાદીના પિતા તેમનું મોટર સાયકલ લઈને વાડીએથી ઘરે પરત આવી રહયા હતાં તે વખતે પીપળ–તતાણા રોડ ઉપર તમો આરોપીએ ઈકકો ફોર વ્હીલ પુર ઝડપે અને બેફીકરાયથી ચલાવી ફરીયાદીની મોટર સાયકલ સાથે ભટકાડી ફરીયાદીના પિતાને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી, સ્થળ પરથી નાશી જઈ, બી.એન.એસ. કલમ –૧૦૬ (૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજનો સજાને પાત્ર મુજબનો ગુનો કર્યો ની થયેલ ફરિયાદ અનુસંધાને તપાસના અંતે આરોપી વિરુદ્ધ તપાસ કરનાર અધિકારીએ પૂરતો પુરાવો જણાતા હાલના ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

2. આ કામે આરોપીને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયા ની ખાતરી કર્યા બાદ આંક – 03 થી આરોપી વિરુદ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક 04 હેઠળ પ્લી વાંચી સંભળાવી સમજાવી નોંધતા આરોપીઓએ ગુનો કર્યા નો ઇનકાર કરતા આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

3. આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

   1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૭/૨/૨૦૨૫ ના કલાક.૧૦/૩૦ વાગ્યે ફરીયાદીના પિતા તેમનું મોટર સાયકલ લઈને વાડીએથી ઘરે પરત આવી રહ્યા હતાં તે વખતે પીપળ–તતાણા રોડ ઉપર તમો આરોપીએ ઈકકો ફોર વ્હીલ પુર ઝડપે અને બેફીકરાયથી ચલાવી ફરીયાદીની મોટર સાયકલ સાથે ભટકાડી ફરીયાદીના પિતાને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નીપજાવી, સ્થળ પરથી નાશી જઈ, બી.એન.એસ. કલમ –૧૦૬ (૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?
   2. શું હુકમ?

## <u>ન્યાયિક નિર્ણયો</u>

4. ઉપરોક્ત મુદ્દા પરત્વેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે

   1. નકારાત્મક.
   2. આખરી હુકમ મુજબ.

5. ઉપરોક્ત નિર્ણયો કરવા અંગે નાં કારણો નીચે મુજબ છે.

## <u>નિર્ણય માટેના કારણો:–</u>

### <u>મુદ્દા નં – 1</u>

6. ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું બોલતા હોય છે સિવાય કે તેનાથી વિરુદ્ધ ની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે

સાહેદ ને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ માં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવવાની છણાવટ પર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરિબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતે State of Himachal Pradesh vs Lekhraj,[1] ના ચુકાદા માં ઠરાવ્યા મુજબ જ્યારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ તમામ પરિબળો તેમ જ ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેઓ પુરાવો સ્વીકારી શકાય છે કારણ કે ક્યારેક આવી વિસંગતતા વિરોધાભાસ અગર તો અતિરેકતા સહિત એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતા ને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ. માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડિસકાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ સાહેદનું જ્ઞાન બનાવ વખતના પરિબળો કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

7. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

8. ફરિયાદ પક્ષે આ કામે આરોપીઓ સામે બી.એન.એસ. કલમ –૧૦૬ (૧),

[1] 2000 SCC Criminal 247.

૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબની શિક્ષા ને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકેલ છે.

9. ઉપરોક્ત બાબતે ધ્યાને રાખી ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓની છણાવટ કરવામાં આવે તો આરોપીઓ વિરુદ્ધ નો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી એ જણાવેલ છે કે,

*"મારા પિતાજી નુ નામ ગોપાલભાઈ કાળુભાઈ ડુંગરાણી છે અને તેઓ નું અકસ્માત તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ થયેલ અને જે દિવસે હું સવારે ૧૦.૦૦ વાગ્યેની આજુબાજુ મારા ઘરે હાજર હતો. ત્યારે તે દિવસે મારા અશોકભાઈનો ફોન આવેલો અને જણાવેલ કે તમારા પિતા ગોપાલભાઈ નુ અકસ્માત લક્ષ્મણભાઈ નિ વાડી જે પીપળ–તતાણા રોડ ઉપર આવેલી છે ત્યા થયેલ કે જેથી હુ બનાવવાળી જગ્યાએ ગયેલો મારા પિતાજી મો.સા સાથે પડેલા હતા અને અકસ્માત કરનાર વાહન ઈડકો ગાડી હતી જેનો રજી. નં મને ખબર નથી જે ઈકકોના ચાલક અમે જયારે સ્થળ ઉપર ગયેલ ત્યારે ત્યા હાજર હતા નહિ. આ બનવામાં મારા પિતાજી ને ઈજા થતા અને ૧૦૮ માં બેસાડી ને સારવાર અર્થે ગઢડા હોસ્પીટલમાં લઈ ગયેલા અને આ અકસ્માતમાં મારા પિતા મરણ ગયેલા. આ કામના આરોપીને જોયેથી ઓળખતો નથી."*

તેથી ફરિયાદી ની જુબાની ધ્યાને લેતા તેઓ ને અશોકભાઈ દ્વારા ફોન કરવામાં આવેલ અને તેઓ બનાવ નજરે જોયેલી નથી અને એવી કોઈ હકીકત રેકોર્ડ પર જણાવેલ નથી કે જેથી એવું કહી શકાય આ કામ ન આરોપી દ્વારા પુર ઝડપે અને બેફિકરાઈ થી ગાડી ચલાવી ને ફરિયાદી ના પિતા નું મોત નિપજવા માં આવેલ.

10. વધુમાં આ કામે આરોપી સામે બી.એન.એસ. કલમ –૧૦૬ (૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ આક્ષેપિત ગુનો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી છે.

***Section 106-***

1. *Causing death by negligence.*
   *(1) Whoever causes death of any person by doing any rash or negligent act not amounting to culpable homicide, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, and shall also be liable to fine; and if such act is done by a registered medical practitioner while performing medical procedure, he shall be punished with imprisonment of either description for a term which may extend to two years, and shall also be liable to fine."*

***<u>Section 281</u>***

> ***“****Rash driving or riding on a public way.- Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.”*

***Motor Vehicle Act, 1988:-***

***<u>Section 134:-</u>***

> *“134. Duty of driver in case of accident and injury to a person.—*
> *When any person is injured or any property of a third party is damaged, as a result of an accident in which a motor vehicle is involved, the driver of the vehicle or other person in charge of the vehicle shall—*
> *(a) unless it is not practicable to do so on account of mob fury or any other reason beyond his control, take all reasonable steps to secure medical attention for the injured person, by conveying him to the nearest medical practitioner or hospital, and it shall be the duty of every registered medical practitioner or the doctor on the duty in the hospital immediately to attend to the injured person and render medical aid or treatment without waiting for any procedural formalities], unless the injured person or his guardian, in case he is a minor, desires otherwise;*
> *(b) give on demand by a police officer any information required by him, or, if no police officer is present, report the circumstances of the occurrence, including the circumstances, if any, for not taking reasonable steps to secure medical attention as required under clause (a), at the nearest police station as soon as possible, and in any case within twenty-four hours of the occurrence.*
> *(c) give the following information in writing to the insurer, who has issued the certificates of insurance, about the occurrence of the accident, namely:—*
> *(i) insurance policy number and period of its validity;*
> *(ii) date, time and place of accident;*
> *(iii) particulars of the persons injured or killed in the accident;*
> *(iv) name of the driver and the particulars of his driving licence.*
> *Explanation.—For the purposes of this section the expression “driver” includes the owner of the vehicle.*

***<u>Section 177</u>***

> *177. General provision for punishment of offences.—*
> *Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred*

*rupees.*

***Section 184***

*184. Driving dangerously.—*
*Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both."*

11. આ કામે ફરિયાદ પક્ષ તરફે અન્ય સાહેદો ની જુબાની ધ્યાને લઈએ તો આંક– 7 થી રંજનબેન ગોપાલભાઈ ડુંગરાની અને આંક–8 થી રમણીકભાઇ રામજીભાઈ કલથીચા અને આંક–9 થી રાજુભાઈ લાલજીભાઈ મોણપરા એ જુબાની આપેલ છે અને તેઓ ફરિયાદ પક્ષ ને સમર્થન આપેલ છે પરંતુ તેઓ જણાવેલ છે કે તેઓ બનાવ સમયે હાજર હતા નહિ અને સદર બનાવ ની હકીકત તેમને અન્ય લોકો દ્વારા કરવામાં આવેલ છે.

12. આ કામે આંક– 17 થી ત.ક.અ. એ જુબાની આપેલ છે અને તેઓ જણાવેલ છે કે ફરિયાદ બાદ આ કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને તપાસ દરમ્યાન સાહેદો ના નિવેદન લીધેલ પરંતુ તેમની જુબાની કે રેકોર્ડ જોઈને એવું જણાઈ આવતું નથી કે આ કમ ન આરોપી દ્વારા તેમની ગાડી પૂર ઝડપે અને બેફિકરાઈ થી ચલાવવામાં આવેલ.

13. વધુ માં આ કામે ફરિયાદી દ્વારા ઇકો ગાડી નો ઉલ્લેખ કરવામાં આવેલ છે પરંતુ તે ઇકો ગાડી નો નંબર તેમને યાદ નથી. વધુ માં ફક્ત આરોપી ની ગાડી સાથે ફરિયાદી ના પિતા ના વાહન નું અકસ્માત થતેલ હોય એવું પુરવાર થતા પણ એવું પુરવાર થયું નથી કે આરોપી દ્વારા કોઈ પણ જાત ની આ કામે બેદરકારી હોય કે તેઓએ પૂર ઝડપે ગાડી ચલાવી ને ફરિયાદી ના પિતા ના વાહન સાથે ભટકાડેલ.

14. આમ ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદી ની સોગંદ ઉપરની

જુબાની ધ્યાને લઈએ તો આરોપી ઓ વિરુદ્ધનો ઉપરોક્ત ગુનો પુરવાર કરવા કોઈ પણ તત્વો અત્રેની અદાલતના રેકોર્ડ ઉપર આવેલ નથી.

15. આ કામે નામદાર સુપ્રીમ કોર્ટ નો ચુકાદો, Bhalachandra Waman Pathe Versus State of Maharashtra,[2] ધ્યાને લેતા જેમાં એવું ઠરાવેલ છે કે,

> *"1. An offence under Section 304A Indian Penal Code may be committed either by doing a rash act or a negligent act. There is a distinction between a rash act and a negligent act. In the case of a rash act as observed by Straight, J. in Idu Beg's case I.L.R. 3 All 776 the criminality lies in running the risk of doing such an act with recklessness or indifference as to the consequences. Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the charge has arisen, it was the imperative duty of the accus'ed person to have adopted. Negligence is an omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do. Again as explained in Nidamarti Negaghu-shanam's case 7 Mad. H.C.R. 119, a culpable rashness is acting with the consciousness that the mischievous and illegal consequences may follow, but with the hope that they will not, and often with the belief that the actor has taken sufficient precautions to prevent their happening. The imputability arises from acting despite the consciousness Culpable negligence is acting without the consciousness that the illegal and mischievous effect will follow, but in circumstances which show that the actor has not exercised the caution incumbent upon him and if he had he would have had the consciousness. The imputability arises from the neglect of the civic duty of circumspection."*

16. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ અને નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા માં જણાવેલ સિદ્ધાંતો ને ધ્યાને લેતા, આ ગુનો પુરવાર કરવા માટે ફરિયાદીએ પોતાની જુબાની માં એ પુરવાર નહિ થતું કે આરોપી દ્વારા તેમનું વાહન પૂર ઝડપે અથવા બેફિકરાઈ થી ચલાવેલ હોય. આમ રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતા, ફરિયાદ મુજબનું કૃત્ય આરોપીએ કરેલ હોય તેવું ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય, ઉપરોક્ત કરેલ ચર્ચાઓ મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેની બી.એન.એસ. કલમ –૧૦૬ (૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭,૧૮૪, ૧૩૪ મુજબનાં

2 1968 AIR 1319.

ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય તે સબબ મુદ્દા નં. 1 નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

1. આરોપી **હરેશભાઈ હિંમતભાઈ ઝાપડિયા** રહે.– ગામ તતાણા, તા. ગઢડા જિ. બોટાદનાઓને ભારતીય ન્યાય સંહિતા– 2023 ની કલમ 271(1) અન્વયે બી.એન.એસ. કલમ –૧૦૬(૧), ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ નાં શિક્ષાપાત્ર ગુનામાંથી **નિર્દોષ** ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આરોપીએ ભારતીય ન્યાય સંહિતા– 2023 ની કલમ– 481 અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમ ની સામે અપીલ નાં કામે રૂ. 5000/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન તથા તેટલીજ રકમ ના જાતમુચરકો અત્રે ની કોર્ટ માં રજૂ કરવા.

**ચુકાદો આજરોજ તા. 30 એપ્રિલ, 2026 નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી/સિક્કો કરી ને જાહેર કરવામાં આવ્યો.**

**સ્થળ:** ગઢડા

**તારીખ:** 30/04/2026

**(રવિન્દ્ર કુમાર)**
એડી. જુડીશીયલ મેજિસ્ટ્રેટ
ફર્સ્ટ ક્લાસ, ગઢડા, બોટાદ.
**(જી. જે. 001713)**